"મુખ્યમંત્રી અમૃત્તમ "મા" યોજનાનો વ્યાપ વધારવા બાબત.
"મુખ્યમંત્રી અમૃત્તમ વાત્સલ્ય" યોજના

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ઠરાવ ક્રમાંક: એફપીડબલ્યુ-૧૦૨૦૧૨-૪૭૧-બ.૧
સચિવાલય ગાંધીનગર
તા. ૨૬/૦૩/૨૦૧૫

વંચાણે લીધા:-

(૧).આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ના તા.૧૮/૦૪/૨૦૧૨ના ઠરાવ ક્રમાંક:એફપીડબલ્યુ/૧૦૨૦૧૨/૪૭૧/બ.૧

(૨).આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ના તા.૧૩/૦૮/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક:એફપીડબલ્યુ/૧૦૨૦૧૨/૪૭૧/બ.૧

(૩). કમિશ્નરશ્રી (આરોગ્ય) ગાંધીનગર ની એસ. એફ. એસ. ફાઈલ ક્રમાંક-આરબીવાય/૧૧૨૦૧૧/૭૭૪૯૭ મળેલ દરખાસ્ત.

આમુખ

સંદર્ભ ક્રમાંક(૧) ના ઠરાવથી ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૨થી ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબ (પાંચ વ્યકિત) ને ગંભીર બિમારીઓ માટે કુટુંબ દીઠ વાર્ષિક મહત્તમ રૂ.૨.૦૦,૦૦૦/-(અંકે રૂપિયા બે લાખ ) સુધીની કેશલેસ સારવાર મળી રહે અને આર્થીક રીતે ખર્ચાળ એવા ગંભીર રોગોમાં ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબને મદદરૂપ થવાના હેતુથી મુખ્યમંત્રી અમૃતમ "મા" યોજના અમલી કરેલ છે.

આ યોજનાને રાજ્યમા મળેલ વ્યાપક આવકારને ધ્યાને લઇ સંદર્ભ ક્રમાંક (૨)ના ઠરાવથી રૂ. ૧.૨૦ લાખ( એક લાખ વીસ હજાર પુરા)થી ઓછી પારિવારીક વાર્ષિક આવક ધરાવતા નીચલા મધ્યમ વર્ગના પરિવારોની તમામ મહિલાઓ અને આવા પરિવારોના ૨૧ વર્ષની વય સુધીના બાળકો-યુવાનોને ગંભીર બિમારીઓની સારવાર વિનામુલ્યે મળી રહે તે માટે "મા વાત્સલ્ય" યોજના અમલી કરેલ છે. આ યોજના થકી હજારો દર્દીઓનાં અમુલ્ય જીવન બચાવી શકાયા છે. તે ધ્યાને લઈ મુખ્યમંત્રી અમૃતમ "મા વાત્સલ્ય" યોજનાના વ્યાપ વધારવા સંદર્ભ ક્રમાંક(૩)થી મધ્યમ વર્ગના પરિવારોના ૨૧ વર્ષથી વધુ વયના પુરૂષોનો પણ સમાવેશ કરવા દરખાસ્ત કરેલ છે.

Office of ...
8 MAY 2015
5431

આ બાબત ધ્યાને લઇ રૂ. ૧.૨૦ લાખ( એક લાખ વીસ હજાર પુરા)થી ઓછી પારિવારીક વાર્ષિક આવક ધરાવતા મધ્યમ વર્ગના પરિવારોના ૨૧ વર્ષથી વધુ વયના પુરૂષોનો પણ સમાવેશ કરવાની બાબત સરકારશ્રીની વિચારણામાં હતી.

**સુધારા ઠરાવઃ**

**આથી પુખ્ત વિચારણાને અંતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ના તા.૧૩ /૦૮/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંકઃએફપીડબ્લ્યુ/૧૦૨૦૧૨/૪૭૧/બ.૧ માં શરત નં-૧.૧માં નીચે મુજબ સુધારવામાં આવે છે.**

**" ૧.૧ આ યોજના રાજયના સમગ્ર ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારમાં વસતા અને રૂ. ૧.૨૦ લાખ ( એક લાખ વીસ હજાર પુરા)થી ઓછી પારિવારીક વાર્ષિક આવક ધરાવતા મધ્યમ વર્ગના પરિવારોના તમામ સભ્યોને ( મહત્તમ કુટુંબના કુલ પાંચ વ્યકિત સુધી)ને લાગુ પાડવામાં આવે છે. નવા જન્મતા બાળકોને આ યોજનામાં છઠ્ઠા સભ્ય તરીકે આવરી લેવાના રહેશે."**

વિભાગના તારીખ ૧૩-૮-૨૦૧૪ના ઠરાવ ક્રમાંક એફપીડબલ્યુ-૧૦૨૦૧૨-૪૭૧-બ.૧ની અન્ય શરતો યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર મળેલ નાણા વિભાગના તા.૧૬-૩-૨૦૧૫ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(પરિતોષ કિશ્ચિયન)
સંયુકત સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (આરોગ્ય)ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.

- માન.રા.ક.મંત્રીશ્રી(આરોગ્ય)ના અંગત સચિવશ્રી.સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી.સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો
- કમિશ્નરશ્રી.(આરોગ્ય) કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ૫.ડાં. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી.(૫.ક) કમિશ્નરશ્રી. (આરોગ્ય )ની કચેરી, ૫.ડાં. જીવરાજ મહેતા ભંવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી.(આરોગ્ય) કમિશ્નરશ્રી.( આરોગ્ય )ની કચેરી. ૫.ડાં. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી.(તબીબી) કમિશ્નરશ્રી.(આરોગ )ની કચેરી, ૫.ડાં. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી.(તબીબી શિક્ષણ) કમિશ્નરશ્રી.( આરોગ્ય )ની કચેરી. ૪.ડાં. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી.ભારતીય તબીબી.અને હોમીયોપેથી.પધ્ધતિ,૧.ડાં. જીવરાજ મહેતા ભવન. ગાંધીનગર.
- નિયામકશ્રી.તબીબી સેવાઓ કામદાર રાજય વિમા યોજના. ઇન્કમટેક્ષ ઓફીસ સામે આશ્રમરોડ, અમદાવાદ.
- નાણાં સલાહકારશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- નાણા વિભાગ- બજેટ શાખા, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી મહેસુલ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી મહિલા અને બાળ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સર્વે સંયુકત સચિવશ્રી / નાયબ સચિવશ્રી/ ઉપ સચિવશ્રીઓ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ /ગાંધીનગર.
- સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રીઓ આરોગ્ય અને તબીબી સેવાઓ
- જિલ્લા કલેકટરશ્રીઓ (તમામ)

- જિલ્લા વિકાસ અધિકારીશ્રી(તમામ)
- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી (તમામ)
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી (તમામ)
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સર્વે શાખાઓ
- સીસ્ટમ મેનેજર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સચિવાલય, ગાંધીનગર તરફ વેબ સાઈટ ઉપર અપલોડ કરવાની વિનંતી સાથે
- સીસ્ટમ મેનેજર,કમિશ્નરશ્રી(આરોગ્ય)ની કચેરી તરફ વેબ સાઈટ ઉપર અપલોડ કરવાની વિનંતી સાથે
- સેકશન અધિકારીશ્રી મ-શાખા, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સીલેકટ ફાઇલ- ૨૦૧૫.

## આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ

" મુખ્યમંત્રી અમૃતમ "મા " યોજનાનો
વ્યાપ વધારવા બાબત..

<u>નકલ સવિનય રવાના જાણ તથા અમલ થવા સાર.</u>

૧. આ યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ.
૨. તમામ આર્ચાયશ્રી/ડીન્સ તરફ.
૩. આ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓ તરફ જાણ તથા આપની કચેરી હસ્તકના ફાર્મ ખાતે ફરજ બજાવતા તમામ રોજમદારોને ધ્યાને લાવવા સારૂ.

જા.નં.આકૃયુ/રજિ/સંકલન/ ૭૯૪ /૨૦૧૫

કુલસચિવ

તા.૨૭/૦૫/૨૦૧૫

<u>નકલ રવાના:</u>

૧. કુલસચિવશ્રીના અંગત મદદનીશ તરફ.
૨. આ કચેરીની તમામ શાખાઓ તરફ.

"મુખ્યમંત્રી અમૃતમ"-"મા" યોજનાનો વ્યાપ વધારવા
બાબત-" મુખ્યમંત્રી અમૃત્તમ વાત્સલ્ય " યોજના

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ એફપીડબલ્યુ-૧૦૨૦૧૨-૪૭૧-બ.૧
સચિવાલય ગાંધીનગર
તા.૧૩ /૮ / ૨૦૧૪

વંચાણે લીધાઃ-

૧.આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ના તા.૧૮/૦૪/૨૦૧૨ના ઠરાવ ક્રમાંકઃએફપીડબલ્યુ/૧૦૨૦૧૨/૪૭૧/બ.૧

૨. કમિશ્નરશ્રી (આરોગ્ય) ગાંધીનગર ની એસ. એફ. એસ. ફાઈલ ક્રમાંક-આરબીવાય/૧૧૨૦૧૧/ ૭૭૪૯૭ મળેલ દરખાસ્ત.

આમુખ

સંદર્ભ ક્રમાંક(૧) ના ઠરાવથી ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૨થી ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબ (પાંચ વ્યકિત) ને ગંભીર બિમારીઓ માટે કુટુંબ દીઠ વાર્ષિક મહત્તમ રૂ.૨,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ ) સુધીની કેશલેસ સારવાર મળી રહે અને આર્થીક રીતે ખર્ચાળ એવા ગંભીર રોગોમાં ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબને મદદરૂપ થવાના હેતુથી મુખ્યંમંત્રી અમૃતમ "મા" યોજના અમલી કરેલ છે.

આ યોજનાને રાજ્યમાં વ્યાપક આવકાર મળેલ છે અને આ યોજના થકી ગરીબ પરિવારોના હજારો દર્દીઓનાં અમુલ્ય જીવન બચાવી શકાયા છે. તે ધ્યાને લઈ મુખ્યમંત્રી અમૃતમ "મા" યોજનાનો વ્યાપ વધારવા સંદર્ભ ક્રમાંક(૨)થી મળેલ દરખાસ્ત અનુસાર મધ્યમ વર્ગના પરિવારોમાં જયારે ગંભીર બિમારીઓ જેવી કે હૃદય, મગજ અને કીડનીને લગતી ઘનિષ્ઠ સારવાર, બર્ન્સ, કેન્સર, ગંભીર ઇજાઓ તેમજ નવજાત શીશુઓના ગંભીર રોગો થાય છે. ત્યારે આવા પરિવારોનો બી.પી.એલ.ની વ્યાખ્યામાં સમાવેશ થતો ન હોવાથી તેઓ મફત સારવાર મેળવી શકતા નથી તેમજ તેઓ ગંભીર બિમારીના ખર્ચ માટે સક્ષમ હોતા નથી. તેમાં પણ આવા પરિવારોમાં જયારે મહિલાઓ અને બાળકો-યુવાનોને ગંભીર બિમારી થાય છે. ત્યારે સમગ્ર પરિવાર મુશ્કેલીમાં મુકાઈ જાય છે. આવા સંજોગોમાં આવા પરિવારને ગંભીર સારવારમાં મદદરૂપ થવા રૂ. ૧.૨૦/- લાખ( અંકે રૂપીયા એક લાખ વીસ હજાર પુરા)થી ઓછી

Office of the Registrar
A. A. U., ANAND.
19 DEC 2014
INWARD No. 11907

પારિવારીક વાર્ષિક આવક ધરાવતા મધ્યમ વર્ગના પરિવારોની તમામ મહિલાઓ અને આવા પરિવારોના ૨૧ વર્ષની વય સુધીના બાળકો-યુવાનોને ગંભીર બિમારીઓની સારવાર વિના મુલ્યે મળી રહે તે માટે સરકારશ્રીએ વર્ષ ૨૦૧૪-૧૫ના બજેટમાં જાહેરાત કરી હતી. તે પ્રમાણે અમલ કરવા આ યોજના જાહેર કરવામાં આવે છે.

ઠરાવઃ

આથી પુખ્ત વિચારણાને અંતે મુખ્યમંત્રી અમૃતમ "મા" યોજનાનો વ્યાપ વધારી રાજ્યના તમામ ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબ ઉપરાંત રૂ. ૧.૨૦/- લાખ ( અંકે રૂપીયા એક લાખ વીસ હજાર પુરા )થી ઓછી પારિવારીક વાર્ષિક આવક ધરાવતા મધ્યમ વર્ગના પરિવારોની તમામ મહિલાઓ અને આવા પરિવારોના ૨૧ વર્ષની વય સુધીના બાળકો-યુવાનોને મુખ્યમંત્રી અમૃતમ " મા " યોજનામાં નીચેની શરતોને આધીન સારવાર માટે સમાવિષ્ટ કરવાનું ઠરાવવામાં આવે છે.

૧. યોજનાની વિગત- (શરતો)

૧.૧ આ યોજના રાજયના સમગ્ર ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારમાં વસતા અને રૂ ૧.૨૦/- લાખ( અંકે રૂપીયા એક લાખ વીસ હજાર પુરા)થી ઓછી પારિવારીક વાર્ષિક આવક ધરાવતા મધ્યમ વર્ગના પરિવારોની તમામ મહિલાઓ અને આવા પરિવારોના ૨૧ વર્ષની વય સુધીના બાળકો-યુવાનો ( મહત્તમ કુટુંબના કુલ પાંચ વ્યકિત સુધી)ને લાગુ પાડવામાં આવે છે. નવા જન્મતા બાળકોને આ યોજનામાં છઠ્ઠા સભ્ય તરીકે આવરી લેવાના રહેશે.

૧.૨ આ યોજના હેઠળ સારવાર મેળવવા "મા" કાર્ડ કઢાવવુ ફરજીયાત રહેશે. જેના માટે નીચે જણાવેલ નિયત (અધિકૃત) અધિકારીઓ પૈકી ગમે તે એક અધિકારી પાસેથી રૂ. ૧.૨૦/- લાખ ( અંકે રૂપીયા એક લાખ વીસ હજાર પુરા)થી ઓછી પારિવારીક વાર્ષિક આવક ધરાવે છે તે પ્રમાણેનો આવકનો દાખલો લાભાર્થી પરીવારે મેળવવાનો રહેશે.

૧. જિલ્લા કલેક્ટરશ્રી
૨. જિલ્લા વિકાસ અધિકારી
૩. નાયબ કલેક્ટરશ્રી/મદદનીશ કલેક્ટર/પ્રાંત ઓફીસર
૪. નાયબ જિલ્લા વિકાસ અધિકારી
૫. તાલુકા મામલતદાર/સીટી મામલતદાર

૬. તાલુકા વિકાસ અધિકારી

૭. નાયબ મામલતદાર

આવકનું પ્રમાણપત્ર મેળવ્યા પછી મુખ્યમંત્રી અમૃતમ "મા" યોજનાનું કાર્ડ યોજના હેઠળ સ્થાપિત તાલુકા કીઓસ્ક/સીવીક સેન્ટર કીઓસ્ક પરથી નિયત કરેલ પધ્ધતિ અનુસાર ફરજીયાત કઢાવવાનું રહેશે. તે બાદ જ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.

૧.૩ ઉંમરના પૂરાવા માટે નીચેનામાંથી કોઈ પણ એક પ્રમાણપત્ર ને માન્ય રાખવાના રહેશે.

૧. જન્મનુ પ્રમાણપત્ર

૨. સ્કુલ લીવીંગ પ્રમાણપત્ર

૩. ડ્રાઈવીંગ લાયસન્સ

૪. મતદાર કાર્ડ

૫. સરકાર/સરકાર માન્ય સંસ્થા દ્વારા અપાયેલ જન્મ તારીખનો દાખલો

૬. મુખ્ય જિલ્લા તબીબી અધિકારી નો દાખલો

૧.૪ આકસ્મિક સંજોગોમાં જો "મા" કાર્ડ ન હોય તો લાભાર્થી પરિવાર સરકારી કે સરકારી અનુદાન મેળવતી હોસ્પિટલમાં લાભ મેળવી શકશે. પરંતુ તેઓએ સારવાર પૂર્ણ થાય તે પહેલા "મા" કાર્ડ રજુ કરવાનુ રહેશે. અને સારવાર પહેલા આ બાબતનું બાંહેધરીપત્ર રજુ કરવાનુ રહેશે. "મા" કાર્ડ વગર ખાનગી હોસ્પિટલમાં લાભ મેળવી શકશે નહી.

૧.૫ આવકના પ્રમાણપત્ર તથા ઉંમરની સમય મર્યાદા પૂર્ણ થતા પહેલા કુટુંબના લાભાર્થીએ યોજના હેઠળ સારવાર લીધેલ હોય/ચાલુ હોય તો કુટુંબના જે તે લાભાર્થીને જ દાખલ થયાના સમયથી ૧ વર્ષ સુધી લાભ મળવા પાત્ર રહેશે.

૨. અમલીકરણઃ-

૨.૧ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ યોજનામાં અમલીકરણ વિભાગ તરીકે કાર્ય કરશે.

૨.૨ આવકના પ્રમાણપત્ર માટે મહેસુલ અને પંચાયત વિભાગ જવાબદાર રહેશે.

૨.3 અમલીકરણ હેતુ મુખ્ય મંત્રી અમૃત્તમ "મા "યોજનાના હયાત માળખા ( એક્ઝિક્યુટીવ કમિટી, એડવાઇઝરી કમિટી, સ્ટેટ નોડેલ સેલ, ગ્રીવેન્સ રીડ્રેસલ કમિટી, સ્ટેટ લેવલ હોસ્પિટલ એમપેનલમેન્ટ કમિટી,એમપેનલ્ડ હોસ્પિટલ, સ્ટાફ,આઇ.ટી. સપોર્ટ એજન્સી, અમલીકરણ સહાયક સંસ્થા (ઈમ્પલીમેન્ટેશન સપોર્ટ એજન્સી) વગેરે) નો " મા "

યોજનાના ધારાધોરણ મુજબ ઉપયોગ કરવાનો રહેશે તેમજ જરૂર જણાય તે પ્રમાણે વધુ સુગઠીત કરવાનુ રહેશે.

૩. નવા લાભાર્થી પરિવારો એટલે રૂ. ૧.૨૦/- લાખ( અંકે રૂપીયા એક લાખ વીસ હજાર પુરા) થી ઓછી પારિવારીક વાર્ષિક આવક ધરાવતા મધ્યમ વર્ગના પરિવારોની તમામ મહિલાઓ અને આવા પરિવારોના ૨૧ વર્ષની વય સુધીના બાળકો-યુવાનો માટેની યોજના "મુખ્યમંત્રી અમૃતમ વાત્સલ્ય" તરીકે ઓળખવાની રહેશે.

૪. ESIS (કામદાર રાજ્ય વીમા યોજના) હેઠળ નોંધાયેલ પરીવારોને ESIS યોજના હેઠળ વિના મુલ્યે સારવાર ઉપલબ્ધ હોઈ આ યોજના હેઠળ સારવાર મળવાપાત્ર રહેશે નહી.

૫. મુખ્યમંત્રી અમૃતમ "મા" યોજના હેઠળ વખતો વખત બહાર પાડવામા આવતી માર્ગદર્શક સુચનાઓ/ઠરાવો ઉપરોક્ત લાભાર્થીને પણ લાગુ પડશે.

૬ આ યોજનાનો અમલ તા. ૧૫-૮-૨૦૧૪ ( ૧૫-ઓગસ્ટ)થી ચાલુ કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર મળેલ નાણા વિભાગની તા.૭-૮-૨૦૧૪ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(ભક્તિ શામળ)
ઉપ સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (આરોગ્ય)ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આરોગ્ય)ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો
- કમિશ્નરશ્રી,(આરોગ્ય) કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, પ,ડાં. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી,(પ.ક) કમિશ્નરશ્રી, (આરોગ્ય )ની કચેરી, પ,ડાં. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી,(આરોગ્ય) કમિશ્નરશ્રી,( આરોગ્ય )ની કચેરી, પ,ડાં. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

- અધિક નિયામકશ્રી,(તબીબી) કમિશ્નરશ્રી,(આરોગ્ )ની કચેરી, ૫,ર્ડા, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી,(તબીબી શિક્ષણ) કમિશ્નરશ્રી,( આરોગ્ય )ની કચેરી, ૪,ર્ડા. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી,ભારતીય તબીબી,અને હોમીયોપેથી,પ્રધ્ધતિ,૧,ર્ડા, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી,તબીબી સેવાઓ કામદાર રાજય વિમા યોજના, ઇન્કમટેક્ષ ઓફીસ સામે આશ્રમરોડ, અમદાવાદ.
- નાણાં સલાહકારશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- નાણા વિભાગ- બજેટ શાખા, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી મહેસુલ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી મહિલા અને બાળ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સર્વે સંયુકત સચિવશ્રી / નાયબ સચિવશ્રી/ ઉપ સચિવશ્રીઓ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ /ગાંધીનગર.
- સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રીઓ આરોગ્ય અને તબીબી સેવાઓ
- જિલ્લા કલેકટરશ્રીઓ (તમામ)
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી(તમામ)
- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી (તમામ)
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી (તમામ)
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સર્વે શાખાઓ
- સીસ્ટમ મેનેજર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સચિવાલય, ગાંધીનગર તરફ વેબ સાઈટ ઉપર અપલોડ કરવાની વિનંતી સાથે
- સીસ્ટમ મેનેજર,કમિશ્નરશ્રી(આરોગ્ય)ની કચેરી તરફ વેબ સાઈટ ઉપર અપલોડ કરવાની વિનંતી સાથે
- સેકશન અધિકારીશ્રી મ- શાખા, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સીલેકટ ફાઇલ- ૨૦૧૪.

ક્રમાંક:પરચ/૧૩૨૦૧૪/૨૧૩૨/ખ.૬
કૃષિ અને સહકાર વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા. ૦૬/૧૨/૨૦૧૪

પ્રતિ,

વિભાગ હેઠળના સર્વે ખાતાના વડા / બોર્ડ / નિગમ / કૃષિ યુનિવર્સિટીઓ

ઉક્ત બાબતે જાણ તેમજ જરૂરી કાર્યવાહી કરવા સારૂ.

સેક્શન અધિકારી
કૃષિ અને સહકાર વિભાગ